Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
Volume-18, Issue-3, December-2024
www.researchguru.net

# ભારતમાં પોર્ટુગીઝોનું આગમન ઐતિહાસિક પરિપેક્ષ્ય

ડો. વિનોદકુમાર મુંજપરા
(અધ્યાપક સહાયક ઇતિહાસ વિભાગ)
નલિની - અરવિંદ એન્ડ ટી. વી. પટેલ આર્ટસ કોલેજ વલ્લભ વિદ્યાનગર

## ૧. પૂર્વભૂમિકા :

ભારતીય સંસ્કૃતિએ વિશ્વમાં તેનું અનોખું સ્થાન ધરાવે છે. ભારત દેશ પ્રાચીનકાળથી સાંપ્રત સમય સુધીમાં ઘણી બધી સમસ્યાઓનો તથા આક્રમણોનો સામનો કરી તેનું ગૌરવ જાળવી રહ્યો છે. પ્રાચીન ભારતમાં કુષણો, હુણો તથા મુસ્લિમોના આક્રમણો થયા છતાં પણ તેઓના ભારતભૂમિ પરના શાસનકાળ ભારતીય સંસ્કૃતિની પરંપરાઓ જીવંત રહી હતી. આ વિદેશી શાસકો શાસન કરતા-કરતા બદલાતા સમયના વહેણ સાથે તેઓએ ભારતીય આચાર-વિચારો, સંસ્કાર અને જીવન પદ્ધતિ સાથે ભળી ગયા હતા. ભારતમાં જ્યારે યુરોપિયન પ્રજાઓનું આગમન થયું તેની ભારતીય સંસ્કૃતિ પર પ્રગાઢ અસર થયેલી જોઈ શકાય છે. ભારતમાં વ્યાપારી પ્રજાના મોહરા તળે આવેલ પોર્ટુગીઝો ભારતની તત્કાલીન પદ્ધતિઓનો ગેરલાભ ઉઠાવી સત્તાના સૂત્રો સંભાળે છે. અહીં તેનો અભ્યાસ કરવો રહ્યો.

## ૨. પોર્ટુગલ દેશનો ભૌગોલિક પરિચય :

યુરોપમાં નૈઋત્ય એટલાન્ટિક મહાસાગરના કાંઠે આવેલો દેશ એટલે કે પોર્ટુગલ તે આશરે વચ્ચે ૩૭° ઉ.અ. થી ૪૨° ઉ.અ. અને ૬°૨૦' પ.રે. થી ૯°૩૦' પ.રે. વચ્ચે વિસ્તારેલો છે. તેનો આકાર લંબચોરસ છે. તેનું કુલ ક્ષેત્રફળ ૯૨,૦૯૦ કિલોમીટર જેટલું છે. તેની રાજધાની લિસ્બન છે. પોર્ટુગલમાં લોકો ખ્રિસ્તી ધર્મ પાળે છે. તેમની ભાષા પોર્ટુગીઝ છે.

## ૩. કોન્સ્ટેન્ટિનોપલનું પતન :

મધ્યયુગ દરમિયાન ભારતીય વસ્તુઓની યુરોપિયન દેશોમાં માંગ સારા પ્રમાણમાં વધી હતી. જમીન તથા દરિયાઈ માર્ગે ભારત યુરોપિયન દેશો સાથે મોટા પ્રમાણમાં વેપાર ખેડાતો હતો. સ્થળ માર્ગમાં બાલ્કન પ્રદેશોથી તુર્કી, ફારસ, ઈરાક અને અફઘાનિસ્તાન થઈ ભારત દેશોમાં વ્યાપાર થતો હતો. બીજી બાજુ જળમાર્ગ ભૂમધ્ય સાગર અથવા કાળો સમુદ્ર દ્વારા રાતો સમુદ્ર ફારસની ખાડી અને અરબ સાગરથી ભારત પહોંચી શકાતુ હતું. ઈ.સ. ૧૪ મી સદી સુધી આ વેપારી માર્ગ નિર્વિઘ્ન ચાલતો રહ્યો. પરંતુ ૧૫ મી સદીમાં આરબોનો પ્રસાર અને પ્રભાવ વધતા આ માર્ગ અસુરક્ષિત બન્યું. ઈ.સ ૧૪૫૩ માં કોન્સ્ટન્ટિનોપલ તુર્કીઓએ જીતી લીધું. આથી યુરોપિય દેશનો ભારત સાથેનો

દરિયાઈ માર્ગ બંધ થતા નવો જળમાર્ગ શોધવાની ફરજ પડી.

**૪. નવા જળ માર્ગની શોધ :**

ભારતના મરી મસાલા, તેજાના અને કાપડની યુરોપના બજારમાં ભારે માંગ હોવાથી અને આ વસ્તુઓના વેપારમાં ભારે નફો થતો હોવાથી યુરોપના વેપારીઓ માટે ભારતનો સલામત જળમાર્ગ શોધવાની આવશ્યકતા ઊભી થઈ. આ શોધખોળમાં પોર્ટુગીઝોએ (ફિરંગીઓ) એ પહેલ કરી હતી. હેનરી ધી નેવિગેટરે પ્રાથમિક કાર્ય કર્યું. તેના અવસાન ૧૪૬૦ સુધીમાં ફિરંગોઓએ આફ્રિકાનો મોટાભાગનો દરિયા કિનારો શોધી કાઢ્યો હતો. બાર્થોલોમ્યું ડાયઝ નામના પોર્ટુગીઝ નાવિકે કેપ ઓફ ગુડ હોપ સુધીની સફર ઈ.સ. ૧૪૮૮ સુધીમાં કરી હતી. આ ભૂશિર શોધાતા ભારત તથા એશિયાના દરિયા કિનારે પહોંચવાનો માર્ગ ખુલ્લો થયો.

બાર્થોલોમ્યુ ડાયઝના અવસાન બાદ દસ વર્ષ પોર્ટુગીઝ વાસ્કો દ ગામા ઇ.સ. ૧૪૯૮ માં ભારત દરિયાઈ માર્ગે પહોંચ્યા હતા. વાસ્કો દ ગામા પોર્ટુગલ બંદરેથી ભારત આવવા નીકળ્યો હતો એવું માનવામાં આવે છે કે ઈ.સ. ૧૪૯૭ માં ભારતના ઐતિહાસિક પ્રવાસ પર નીકળતા પહેલા રાજા મેન્યુઅલ પહેલાએ બંધાવેલ ઓસ જેરોનીમસ દેવળમાં પ્રાર્થના કરી હતી. વાસ્કો દ ગામા લિસ્બન બંદરેથી આગળ વધીને આફ્રિકાના કેપ ઓફ ગુડ હોપથી આગળ મોઝાંબિક બંદરે પહોંચ્યો હતો. ત્યાંથી તેને એક હિન્દી ખલાસી મળી જતા તેની મદદથી તેણે હિંદ મહાસાગર પાર કર્યો અને ૧૭ મી મે ૧૪૯૮ માં કાલિકટ બંદરે ઉતર્યો.

તે સમયે કાલીકટમાં ઝામોરિન નામે હિન્દુ રાજા રાજ્ય કરતો હતો. વાસ્કો દ ગામાએ આ રાજવી પાસે પોર્ટુગલના રાજાના ઓળખપત્રો રજુ કરીને પોર્ટુગીઝને વેપારના હક આપવાની માંગણી કરી. ઝામોરિનને તેના સ્વીકાર કરતા ભારતમાં પ્રથમ યુરોપિયન પ્રજા તરીકે પોર્ટુગીઝોનો પ્રવેશ થયો. અરબ વેપારીઓએ દક્ષિણ ભારતમાં ફિરંગીઓનો પ્રવેશ ન ગમતા તેમના વ્યાપારને નુકસાન થવાની ફિરંગીઓ વિરુદ્ધ ઝામોરિન સમક્ષ ફરિયાદ કરી. વાસ્કો દ ગામાનો રહેવાનું મુશ્કેલ જણાતા ત્રણ મહિનામાં દક્ષિણ ભારતમાં વસવાટ બાદ તે પોર્ટુગલ પરત ફર્યો. વાસ્કો દ ગામા ત્રણ માસના સમય દરમિયાન ભારતીય પરિસ્થિતિનો અભ્યાસ કર્યો હતો. તેને દક્ષિણ ભારતની પુષ્કળ સમૃદ્ધિનો લાભ ઉઠાવ્યો હોવાથી તે ઈ.સ. ૧૫૦૧ માં ભારત આવ્યો. તેણે કન્નોરમાં ફિરંગી કોઠી સ્થાપી.. ઇ.સ. ૧૫૦૩ માં પોર્ટુગીઝ પરત ફર્યો તે પહેલા કાલિકટ, કોચીનમાં કોઠીઓ સ્થાપી હતી. આરબોના સતત વિરોધના પરિણામે ઝામોરિને ફિરંગીઓની કોચિનની કોઠી પર આક્રમણ કર્યું. પરંતુ તેમાં ઝામોરિન હાર્યો તેથી ફિરંગીઓ મલબાર કિનારે સર્વોપરી બન્યા.

**૫. પોર્ટુગીઝ વોઈસ રોય**

**(i) ફ્રાન્સિસ્કો દ અલમિડા ૧૫૦૫**

ઇ.સ. ૧૫૦૫ નું વર્ષ પોર્ટુગીઝ ભારતના ઇતિહાસમાં નવા યુગના મંડાણનું સાક્ષી હતું. ભારતમાં ફિરંગીઓનું સ્થાન મજબૂત બનાવવા પોર્ટુગલના રાજાએ ત્રણ વર્ષની મુદત માટે ફ્રાન્સિસકો દ અલમિડાની ગવર્નર (વાઇસરોય) તરીકે નિમણૂક કરી એને કિલ્વા, અંજદીવ, કન્નોર તેમજ કોચીનમાં કિલ્લા બાધવા ખાસ સુચના આપવામાં આવી. એ સપ્ટેમ્બર ૧૫૦૫ માં ભારત પહોંચ્યો. તેના સમયમાં તેણે દ્વિપકલ્પમાં આવેલી મુસ્લિમ સત્તાઓ સાથે કરેલો સંઘર્ષ નોંધપાત્ર છે. અલમિડાએ દીવમાના મુસ્લિમ જહાજી કાફલાને રોકી ફેબ્રુઆરી ૧૫૦૯ માં જીત મેળવી હતી.

**(ii) આલ્ફાનજો દ આલ્બુકર્ક ૧૫૦૯**

૫ નવેમ્બર ઈ.સ. ૧૫૦૯ માં અલમિડાની જગ્યાએ અલ્બુકર્ક આવ્યો. તે ભારતમાં ફિરંગી સત્તાનો વાસ્તવિક સ્થાપક ગણાય છે. તેણે ઇ.સ ૧૫૧૦ માં ગોવા જીતી લીધું ઇ.સ. ૧૫૧૦ ની ૨૨ મી ડિસેમ્બર પોર્ટુગલના રાજાને તેણે જીતનો જાણ કરતા લખેલું કે મારું નિશ્ચય છે કે હવે કોઈપણ મુરને ગોવામાં પેસતો રોકવા અહીં પૂરતા પ્રમાણમાં માણસો અને જહાજોનું દળ રાખવું અને ત્યારબાદ બીજો જહાજી કાફલો લઈ રાતા સમુદ્ર અને ઓરમુજની મુલાકાત લેવી. તેનું મૃત્યુ ૭૩ વર્ષની વયે ૧૬ ડિસેમ્બર ૧૫૧૫ માં થયું હતું.

**(iii) નિનો દ કુન્હા ૧૫૨૯ :**

ભારતમાં અન્ય અગત્યનો ફિરંગી વાઈસરોય નિનો દ કુન્હા હતો તે નવેમ્બર ઇ.સ ૧૫૨૯ માં ભારત પહોંચ્યો. તેણે પોતાનું વહીવટી તંત્રનું વડુ મથક કોચીનથી ગોવા ખસેડ્યું. ગુજરાતના બહાદુરશાહ સાથે અથડામણમાં આવી વસઈનો ટાપુ અને દીવમાં પ્રવેશ મેળવ્યો. તેના સમય દરમિયાન ફિરંગીઓની વગ બંગાળમાં પ્રસરવા માટેના પ્રયત્નો રૂપે ઘણા ફિરંગીઓને ત્યાં વસાવવામાં આવ્યા. હૂગલીએ લોકોનું મુખ્ય મથક બન્યું.

**(iv) ગાર્સિયા દ નોરોન્હા ૧૫૩૮ :**

નિનો દ કુન્હાના ઉત્તરાધિકારી ગવર્નર તરીકે ગાસીયા સપ્ટેમ્બર ૧૫૩૮ માં આવ્યો. ઇ.સ. ૧૫૩૯ માં માર્ચ મહિનામાં નોરાન્હા એ બહાદુરશાહના ઉતરાધિકારી સાથે સંધિ કરી. જેમાં દીવ ફિરંગીઓ પાસે કાયમી રહેવા દેવામાં આવ્યો.

**(v) માર્ટીમ ઓફોન્ઝો દ સોઝા ૧૫૪૨:**

ફિરંગોની વસાહતો ધીમે ધીમે દમણ, સાલસેટ, ચેઉલ અને મુંબઈ મદ્રાસ પાસે સેન્ટ થોમ અને બંગાળમાં હુગલીમાં સ્થપાઈ હતી. ઇ.સ. ૧૫૪૨ માં ફિરંગી ગવર્નર તરીકે માર્ટીમ ઓફોન્ઝો દ સોંગ ભારતમાં આવ્યો. તેની સાથે સાથે વિખ્યાત સંત ફ્રાન્સિસકો ઝેવિયર આવ્યા હતા.

**(vi) ડોમ જાઆઓ દ કાસ્ટ્રો ૧૫૪૮**

સમર્થ ગવર્નર ડોમ જાઆઓ દ કાસ્ટ્રો ૧૫૪૮ બાદ ફિરંગીઓની પડતી શરૂ થઈ હતી. સમય જતા તેમણે ભારતમાં દિવ, દમણ અને ગોવા સિવાયની વસાહતો ગુમાવી.

**૬. પોર્ટુગીઝની સફળતા :**

ભારતમાં પોર્ટુગીઝોની સફળતા માટે અનેક કારણો હતા. તેમના આગમન સમયે હિંદ મહાસાગરના તટીય વિસ્તારમાં રાજનૈતિક આર્થિક સ્થિતિ શુદ્દઢ ન હતી. પોર્ટુગીઝોએ ભારત શોધવા માટે તેમનું સંપૂર્ણ જીવન લગાવી દીધું હતું. (હેનરી ધ નેવિગેટર) પોપનું સમર્થન. ઇ.સ. ૧૬ મી સદીમાં ભારતમાં વ્યાપાર કરનારા પોર્ટુગીઝો એકમાત્ર યુરોપિયન શક્તિના રૂપમાં હતા. પોર્ટુગીઝોએ નાના નાના રાજ્યોના ઝઘડાઓનો લાભ ઉઠાવ્યો હતો. ગવર્નરોની યોગ્યતા તેમનું નૌકાદળ, તોપદળ વગેરે પણ સફળતા માટે જવાબદાર ગણાવી શકાય.

**૭. પોર્ટુગીઝોના પતન માટે જવાબદાર પરિબળો :**

પોર્ટુગીઝના પતન માટે ઘણા બધા કારણો જવાબદાર રહ્યા હતા. તેમાં જળ અને જમીન પરની તેમની ચાંચીયાગીરી અને ખુલ્લી લૂંટ બળપૂર્વક ખ્રિસ્તી ધર્મનો પ્રચાર ભારતીય સ્ત્રીઓ સાથે લગ્ન કરીને વિલાસમાં પડી જવું, અયોગ્ય સમયે રાજકીય સત્તા જમાવવાની યોજનાઓનો અમલ, રાહદારીની તાકીદની અવગણના, હોલેન્ડના વલંદાઓ દ્વારા બંગાળના ઉપસાગરના અને પશ્ચિમ કિનારાના ઘણા ખરા મથકો કબજે કરવા ઇ.સ. ૧૫૮૦ થી સ્પેનના તાબામાં આવતા ફિરંગીઓને કોઈ સહાયતા ન મળતા ફિરંગીઓ પાસે માત્ર દીવ દમણ અને ગોવાના વિસ્તારો રહ્યા.

**૮. પોર્ટુગીઝાનો ભારતીય સંસ્કૃતિ પર પ્રભાવ :**

લગભગ ૪૫૦ વર્ષથી પણ વધારે સમય સુધી ફિરંગીઓના અધિકારમાં રહેલા ગોવા, દમણ, દીવ, પોર્ટુગીઝ ભારતના વિશિષ્ટ કેન્દ્ર હતા. ભારતના આંતરરાષ્ટ્રીય વેપાર પર સો વર્ષ (16મી સદી) સુધી તેમનો એકાધિકાર રહ્યો હોવાથી ભારતના સમુદ્ર કિનારાના બજારમાં આંતરરાષ્ટ્રીય ભાષા તરીકે પોર્ટુગીઝનો પ્રચાર થયો. સત્તરમી સદીમાં અંગ્રેજોને પણ પોર્ટુગીઝ ભારતનો ઉપયોગ કરવો પડ્યો હતો. પોર્ટુગીઝ ભાષાના પ્રચારને લઈને કમરા, નીલામ, પાદરી માપતોલ, મેજ, કુંચી, ખમીશ અને તંબાકુ જેવા શબ્દો ભારતીય ભાષાઓમાં પ્રચલિત બન્યા. અનાનસ, પપૈયું વગેરે ફળ અને દૂધી, બટાકા અને કોબીજ વગેરે શાકભાજી ભારતને ફિરંગીઓની ભેટ છે.

**૯. પોર્ટુગીઝોનો વારસો :**

ભારતમાં પોર્ટુગીઝોનું આગમન ખૂબ જ મહત્વપૂર્ણ ઘટના હતી. જેનાથી દેશમાં યુરોપિયન પ્રજાનો પ્રવેશ શરૂ થયો હતો. સાથોસાથ પોર્ટુગીઝોની

સંસ્કૃતિ, ભાષા, ખાવા પીવાની રીત અને ખ્રિસ્તી કેથોલિક ધર્મનો ગોવાના જનજીવન પર પ્રભાવ આજે પણ જોવા મળે છે. ભારતમાં તેમના શાસનકાળ દરમિયાન અનેક ભવ્ય ચર્ચ તથા ઇમારતો બનાવવામાં આવી હતી.

**૧૦. સમાપન :**

ભારતમાં યુરોપિય પ્રજાના આગમનની શરૂઆત પોર્ટુગીઝોના આગમન સાથે થાય છે. ઇ.સ. ૧૪૯૮ થી શરૂ થયેલી તેમની ભારતની સફળમાં ભારતીય સંસ્કૃતિમાં લાંબા સમય માટે તેમની છાપ છોડી જાય છે. વાસ્કો દ ગામાની શરૂઆત યુરોપિયન પ્રજાઓમાં પોર્ટુગીઝોને ભારતમાં એક સદી સુધી વ્યાપારિક દરિયાઈ ઇજારો ભોગવતા હતા જોઈ શકાય છે. ભારતની તાત્કાલિક પરિસ્થિતિનો લાભ ઉઠાવીને ભારતમાં સૌપ્રથમ આવનાર યુરોપિયનમાં ગણાતા તથા સૌથી અંતમાં ભારત છોડનાર યુરોપિયન બની ગયા. ભારતમાં યુરોપિયન પ્રજાઓમાં પોર્ટુગીઝોનું વર્ચસ્વ દીવ, દમણ અને ગોવા સુધી મર્યાદિત હોવા છતાં તેમાં તેમની અંત સુધીની પકડ દર્શાવે છે કે તેઓ તેમની પૂરી શક્તિ સાથે રહ્યા હતા.

**સંદર્ભ :**


- ચોપડા પી. એન, (સંપાદક), ભારતનું ગેઝિયેટર (ઇતિહાસ અને સંસ્કૃતિ), યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, ૧૯૮૪.
- શર્મા એલ. પી. આધુનિક ભારત ૧૭૦૭ – ૧૯૬૭ લક્ષ્મીનારાયણ, અગ્રવાલ, આગરા, ૨૦૧૦.
- પરીખ પ્રવીણચંદ્ર, ભારતનો સાંસ્કૃતિક ઇતિહાસ (ઈ.સ. ૧૦૦૦ થી ૧૮૧૮) યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, ૨૦૧૨.
- ધારૈયા, કાજી ભટ્ટ, અર્વાચીન ભારતનો ઇતિહાસ, શ્રી જમનાદાસની કંપની, અમદાવાદ. ૧૯૭૦.
- શેઠ ચંદ્રકાંત, ગુજરાતી બાળવિશ્વકોશ ખંડ-૫, ગુજરાત વિશ્વકોષ ટ્રસ્ટ, અમદાવાદ, ૨૦૧૭.